

**નિઝરના જૂના અંતુર્લીમાં લીઝ કે પરમિટ વગર જે રીતે રેતી ઉલેચવામાં આવી રહી છે એ જોતાં સરકારી અધિકારીઓને જાણે ‘ટાસ્ક’ આપી દેવામાં આવ્યો છે અને વજનદાર ‘ફોર્સ’ થતાં અધિકારીઓ પણ સરકારી વફાદારી ભૂલી ગયા છે**

# રેતીના ‘ટાસ્ક’માં ભ્રષ્ટાચારને ‘ફોર્સ’!

### ટાસ્ક ફોર્સ માટે વિલંબ કેમ?

**ભૂતકાળમાં** સોનગઢના ઘાંસિયામેઢામાં રેતી ચોરીનું મસમોટું રેકેટ ઝડપાયું ત્યારે ભૂસ્તર કચેરીની સંડોવણી બહાર આવી હતી

**કૌભાંડમાં** કર્મચારીનો ભોગ પણ લેવાયો, છતાં ઘાંસિયામેઢા જેવું કૌભાંડ જૂના અંતુર્લીમાં ધમધમતું કરી દેવાયું



### જિલ્લામાં ઇલીગલ માઇનિંગ માટેની ટાસ્ક ફોર્સ અસ્તિત્વમાં છે કે નહીં તે પ્રશ્ન

વ્યારાઃ ગુજરાત સરકારના ઇન્ડસ્ટ્રિયલ એન્ડ માઇનિંગ ડિપાર્ટમેન્ટે તા.૧૯/૯/૨૦૧૪ના એક ઠરાવથી ઇલીગલ માઇનિંગ અને ટ્રાન્સપોર્ટેશનને રોકવા કલેક્ટરની અધ્યક્ષતામાં ટાસ્ક ફોર્સની રચના કરી ડીડીઓ, ડીએસપી, ડીએફઓ સહિતના ૯ ઉચ્ચ અધિકારીને સભ્ય તરીકે નીમવાના હતા. આ સમિતિએ દર મહિને એક બેઠક યોજી જિલ્લામાં ચાલતા ઇલીગલ માઇનિંગ અને ટ્રાન્સપોર્ટેશન બાબતે રિવ્યુ લેવાના હોય છે. દરમિયાન ગેરકાયદે રેતીખનન કે ખાણકામ ઝડપાય કે ઉજાગર થાય તો તેની સામે કડક કાર્યવાહી કરી તેનો રિપોર્ટ રાજ્ય લેવલે રચાયેલી ટાસ્ક ફોર્સને સુપરત કરવાનો હોય છે. ત્યારે તાપી જિલ્લામાં આવી કોઇ ટાસ્ક ફોર્સની રચના કાગળ પર પણ થઇ છે કે નહીં એ પ્રશ્ન ઊભો થયો છે.

### રોયલ્ટી ઇન્સ્પેક્ટરે ફોન રિસીવ ન કર્યો

આવી ગંભીર બાબત વિશે રોયલ્ટી ઇન્સ્પેક્ટર અંકિત પરમારને ફોન કરતાં તેમણે ફોન રિસિવ કર્યો ન હતો.

વ્યારાઃ નિઝરના જૂના અંતુર્લીમાં લીઝ કે પરમિટ વગર ઉલેચાતી રેતીના વહન માટે ઇસ્યુ કરાતો રોયલ્ટી પાસ શંકાના દાયરામાં તો છે જ. સાથે સાથે આ ભ્રષ્ટાચારનાં મૂળિયાં કેટલાં ઊંડે સુધી છે એ પણ એક પ્રશ્ન છે. રેતીનું આડેધડ ખનન કરીને પર્યાવરણની ઘોર ખોદવા સાથે સરકારી તિજોરીને લાખોનો ફટકો પહોંચાડનારા આવા રેતી માફિયાઓએ ‘ટાસ્ક’ આપ્યો હોય એમ અધિકારીઓ જાણે સાચવવાનું કામ કરી રહ્યા હોવાનું લાગે છે. એ માટે કદાચ વજનદાર ‘ફોર્સ’ પણ કરાઈ રહ્યો હોઈ શકે એ વાતને નકારી શકાતી નથી. ‘ટાસ્ક’ લેવાનું કામ સાહેબનું અને ‘ફોર્સ’ પૂરો પાડવાનું કામ રેતી માફિયાઓનું એવું લાગી રહ્યું છે. ત્યારે આવી ખુલ્લેઆમ ગેરકાયદે રેતીખનનનું મોટું રેકેટ સામે એન્ટીકરપ્શન બ્યુરોની સોનગઢનાં ઘાસિયામેઢા જેવી કાર્યવાહી માટે પનો ટૂંકો પડ્યો છે.

નિઝર-કુકરમુંડામાં તાપી નદી ઉપર ભ્રષ્ટાચારીઓનો કાળો પંજો પડી ગયો છે. આશરે ૮થી ૧૦ વર્ષથી એક જ જગ્યાએ રેતીખનન થયું હોય ત્યારે સ્વભાવિક છે કે મૂળ લીઝ સ્થળે રેતીનો જથ્થો ઉપલબ્ધ જ નહીં હોય. જેથી તમામ લીઝધારકો ભૂસ્તરના મેળાપીપણામાં હદ મર્યાદા બહાર રેતી ઉલેચવા કાયદાની ફાઈલો પર વજન મૂકી રહ્યા છે. જેથી ભૂસ્તરના હદ મર્યાદા નક્કી કરવાના તમામ કાયદા પાંગળા બની ગયા છે. માટીખનન હોય કે રેતીખનન આવા માફિયાઓએ પ્રકૃતિના વરદાનને અભિશાપ બનાવી દીધું છે.

કરમની કઠણાઈ એ છે કે, પગાર સરકારનો લેતા અને વફાદારી આવા પ્રકૃતિના માફિયાઓ સાથે કરતા સરકારી કર્મચારીઓ પાપનો ઘડો ન ભરાય ત્યાં સુધી જંપતા નથી.ભૂતકાળમાં સોનગઢના ઘાંસિયામેઢામાં રેતી ચોરીનું મસમોટું રેકેટ ઝડપાયું ત્યારે ભૂસ્તર કચેરીની સંડોવણી બહાર આવી હતી. ગેરકાયદે રેતીખનન અને અન્ય લીઝના રોયલ્ટી પાસનો ઉપયોગ કરી રેતી વેચવાના કૌભાંડમાં ભૂસ્તર કચેરીના કર્મચારીનો ભોગ પણ લેવાયો છતાં આ ધંધો જ એવો છે કે સરકારી કર્મચારીઓની રેતીમાં અઢળક નાણાંની ખેતી દેખાય છે. જેથી ઘાંસિયામેઢા જેવું કૌભાંડ જૂના અંતુર્લીમાં ધમધમતું કરી દેવાયું છે. નિઝરના જૂના અંતુર્લીમાં રેતીના ધંધામાં લાખોની કમાણી જોઈ ગયેલા આવા માફિયાઓ નદીના કુદરતી વહેણને રોકી અડધે સુધી પાળો અને રસ્તો બનાવી નદીના પર્યાવરણની ઘોર ખોદી રહ્યા છે. શું આ બધી કામગીરીથી મામલતદાર કે પ્રાંત અધિકારીઓ વાકેફ નહીં હોય? ભૂસ્તર કચેરી પાસે રોયલ્ટી પાસનો હિસાબ-કિતાબ હોય છે. પરંતુ ભૂસ્તર વિભાગ આવા પાસ ત્યારે જ ઇસ્યુ કરે છે, જ્યારે કાયદેસરની લીઝ કે પરમિટ હોય.

એનો અર્થ એ થયો કે અન્ય કોઈકે જૂના અંતુર્લીમાં જ બંધ પડેલી લીઝના રોયલ્ટી પાસનો ઉપયોગ ગેરકાયદે ઉલેચાતી રેતીના વેચાણ અને વહનમાં કર્યો હોઈ શકે. જો કે, આ બધી કામગીરી ઉપર નજર રાખવાની જવાબદારી કોની? એ સવાલ ઊઠ્યો છે.

NATA
INTERIOR DESIGN ■ NID
ENTRANCE Exam
PREPARATION
GAJENDRA MAJITHIA
91- 98251 47447

# ઉકાઇ પાવર પ્લાન્ટ ખોટકાતાં આશરે ૧૧૧૦ મેગાવોટના વીજ ઉત્પાદન પર બ્રેક લાગી

**બપોરે** પોણા ચાર વાગ્યાથી વીજળી ગુલ થઇ ને સાંજે ૬ વાગ્યે વીજ પુરવઠો રાબેતા મુજબનો થયો

**વીજ** પુરવઠો દક્ષિણ ગુજરાતનાં અનેક સબ સ્ટેશન સુધી પહોંચતો હોવાથી ગ્રીડ સિસ્ટમ સાથે સંલગ્ન હોવાથી ઉકાઇનાં યુનિટ્સ બંધ થતાં અનેક જિલ્લાને અસર

### ભરૂચ અને નર્મદા જિલ્લાનાં 1275 ગામનાં 6.36 લાખ ગ્રાહકને અસર

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં બપોરે 3.45 વાગ્યે વીજળી ઠપ્પ થઇ હતી અને સાંજે 5 વાગ્યે વીજ પુરવઠો આવી ગયો હતો. ભરૂચ જિલ્લામાં સવા કલાક વીજ પુરવઠો ખોરવાયો હતો. ભરૂચ DGVCLના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે, ઉકાઈ પાવર પ્લાન્ટ બેસી જવાથી આખા દક્ષિણ ગુજરાતમાં વીજળી બંધ થઇ છે. ટોરેન્ટ અને અદાણીનો પાવર સપ્લાય પણ સ્થગિત થઇ ગયો છે. પાવર રિસ્ટોર કરતાં 5 કલાક ઉપરાંતનો સમય લાગી શકે છે. ત્યારે દક્ષિણ ગુજરાતમાં રહેણાંક, વાણિજ્ય અને ઉદ્યોગો વીજવિહોણા બની ગયા છે. વીજ ફોલ્ટ થવાને કારણે બુધવારે 3.45 વાગ્યા આસપાસ ભરૂચ અને નર્મદા જિલ્લામાં વીજળી ગૂલ થઇ ગઇ હતી. જેના કારણે ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર અને દહેજ GIDC 1000થી વધુ કંપનીઓ ડીજી સેટ ચાલુ રાખવાની નોબત આવી હતી. જો કે, થોડા સમયમાં વીજ પુરવઠો આવતાં હાશકારો અનુભવ્યો હતો. ભરૂચ જિલ્લામાં કુલ 592 અને નર્મદા જિલ્લાનાં 683 ગામ મળી બંને જિલ્લામાં કુલ 1275 ગામના 6.36 લાખ ગ્રાહકોનો સમાવેશ થાય છે, જેમાં બુધવારે વીજ પુરવઠો કટ થતાં તમામ ગામોના ગ્રાહકો વીજવિહોણા થઇ ગયાં હતાં.

વ્યારાઃ ઉકાઇ પાવર પ્લાન્ટના ૪ યુનિટ અચાનક ઠપ્પ થઇ જતાં તાપી સહિતના અનેક વિસ્તારમાં વીજપ્રવાહ ખોટકાયો હતો. બપોરે પોણા ચાર વાગ્યેથી વીજળી ડૂલ થઇ હતી, જે સાંજે ૬ વાગ્યેથી વીજ પુરવઠો રાબેતા મુજબનો થતાં લોકોએ વીજળી સાથે ગરમીથી રાહત મેળવી હતી. ઉકાઇ પાવર પ્લાન્ટ ખોટકાતાં આશરે ૧૧૧૦ મેગાવોટના વીજ ઉત્પાદન પર બ્રેક લાગી હતી. ઉકાઈ ખાતે ચાલતું ૭૫ કેવીનું હાઇડ્રો પાવર યુનિટ પણ બંધ થઇ ગયું હતું. આ વીજ પુરવઠો દક્ષિણ ગુજરાતનાં અનેક સબ સ્ટેશન સુધી પહોંચતો હોય ગ્રીડ સિસ્ટમ સાથે સંલગ્ન હોવાથી ઉકાઇનાં યુનિટ્સ બંધ થવાથી તેની અસર દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં પડી હતી.

ઉકાઈ થર્મલ પાવરના અધિકારીના જણાવ્યા મુજબ ઉકાઈ પાવર સ્ટેશનનાં ચારેય યુનિટ બેસી ગયાં હતાં. ઉકાઇનાં ચારેય યુનિટ થોડી જ વારમાં વીજ ઉત્પાદન કરતા થઇ જશે. સાંજના ૫:૩૦ વાગ્યાથી તાપી જિલ્લાના અનેક ૬૬ કેવી સબ સ્ટેશનોને પાવર સપ્લાય મળતો થયો હતો. વ્યારા-સોનગઢ સહિતના કેટલાક વિસ્તારોમાં સાંજે ૬ વાગ્યાથી વીજ પુરવઠો પુનઃ રાબેતા મુજબનો થઇ ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉકાઈ પાવર પ્લાન્ટમાં હાલ યુનિટ નં.૩,૪,૫ અને ૬ આમ કુલ ૪ યુનિટ દ્વારા વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. તેમાં યુનિટ નં.૩ અને ૪થી ૨૦૦-૨૦૦ મેગાવોટ તેમજ યુનિટ નં.૫થી ૨૧૦ મેગા વોટ અને યુનિટ નં.૬થી ૫૦૦ મેગા વોટ વીજ ઉત્પાદન થાય છે. આમ, કુલ ૧૧૧૦ મેગાવોટ વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. આ તમામ યુનિટ રાબેતા મુજબ કાર્યરત હતા ત્યારે સાંજના લગભગ ૩:૪૫ વાગ્યાના અરસામાં તમામ યુનિટ અચાનક બંધ થઈ ગયાં હતાં.

# જોળવા ગામે ડીજે પાર્ટીમાં નાચવા બાબતે થયેલી તકરારમાં બુટલેગરની કરપીણ હત્યા

**જોળવાના** બુટલેગર રવિ દુબેની સુરત રહેતા તેના જ મિત્રોએ હત્યા કરી



પલસાણાઃ જોળવા ગામે ગત રાત્રે ડીજે પાર્ટીમાં નાચવા બાબતે થયેલી તકરારમાં એક બુટલેગરની કરપીણ હત્યા થઈ છે. જોળવાના બુટલેગર રવિ વિજય દુબે (ઉ.વ.૨૬)ની તેના જ સુરતના મિત્રોએ ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરતાં પલસાણા પોલીસે ત્રણ શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર રવિ દુબે જોળવા વાડી ફળિયામાં રહેતો હતો અને દેશી દારૂનો વેપાર કરતો હતો. ગત રાત્રે રવિ તેના મિત્ર તુષાર દેસાઈના લગ્નની ડીજે પાર્ટીમાં હાજરી આપવા માટે તેના મિત્રો જેકી હરીશભાઇ ભોઇ (રહે., ચલથાણ, તા.પલસાણા), દીપકભાઈ સતિષભાઇ મહાજન (રહે., આરાધના લેક ટાઉન 2, જોળવા, તા.પલસાણા), અનિલ હરીશચંદ્ર વિશ્વકર્મા (રહે., આરાધના લેક ટાઉન 2, જોળવા, તા.પલસાણા), વિશાલ ઉર્ફે બકરો રવિન્દ્ર આવરકર (રહે., જોળવા, તા.પલસાણા) અને કૃષ્ણા કિશોર મરથે (રહે., સાઈદીપ સોસાયટી, જોળવા, તા.પલસાણા) સાથે આરાધના લેકટાઉન વિભાગ-4માં ગયો હતો. ડીજેના તાલે સૌ મિત્રો નાચી રહ્યા હતા, ત્યારે સુરતના ડિંડોલી વિસ્તારમાંથી આવેલા અક્ષય સિંદે, ચેતન બોરકર અને એક અજાણ્યા શખ્સ સાથે રવિને નાચવા બાબતે બોલાચાલી થઈ હતી. અક્ષય સિંધે, ચેતન બોરકર (રહે., ડિંડોલી, સુરત) અને એક અજાણ્યા ઈસમ સાથે ઝપાઝપી થઈ હતી. આ દરમિયાન વાતાવરણ ગરમાયું અને ઉશ્કેરાયેલા અક્ષય સિંધે (રહે., મધુરમ સર્કલ, ડિંડોલી, સુરત)એ કમરમાંથી ચપ્પુ કાઢી રવિ પર હુમલો કર્યો હતો.

ચેતને રવિને પકડી રાખ્યો હતો અને અક્ષયે રવિના જાંઘના ભાગે ચપ્પુ માર્યું હતું. એટલું જ નહીં અન્ય એક અજાણ્યા શખ્સે પણ ચપ્પુ કાઢી રવિની પીઠ પર ઘા ઝીંકી દેતાં રવિ લોહીલુહાણ થઈને ઢળી પડ્યો હતો. હુમલો કર્યા બાદ ત્રણેય આરોપીઓ ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતા.

ગંભીર રીતે ઘવાયેલા રવિને તાત્કાલિક સારવાર માટે ચલથાણની સંજીવની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં રવિનાં પત્ની હંસાબેન હોસ્પિટલ દોડી આવ્યાં હતાં. પલસાણા પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીઓને પકડવા માટે કવાયત હાથ ધરી છે.

# લાંચ કેસમાં ઉમરા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીને બે વર્ષની કેદ

**ભૂમિવિહોણા** ખેતમજૂરને મળવાપાત્ર 100 વારના પ્લોટ માટે અભિપ્રાય આપવા લાંચ માંગી હતી

બારડોલીઃ મહુવાના ઉમરા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી રત્નસિંહ ઉર્ફે રામુભાઈ નાડીયાભાઈ ચૌધરીને લાંચ કેસમાં સ્પેશિયલ એ.સી.બી. કોર્ટે બે વર્ષની કેદ અને રૂપિયા 10 હજારનો દંડ ફટકાર્યો છે. આ હુકમ સ્પેશિયલ એ.સી.બી. કોર્ટના છઠ્ઠા એડિશનલ સેશન્સ ન્યાયાધીશે કર્યો હતો.

આ કેસની વિગતો એવી છે કે, ભૂમિ વિહોણા ખેતમજૂરે સરકાર તરફથી મળવાપાત્ર ઘરથાળના 100 વારના પ્લોટ માટે ઉમરા ગ્રામ પંચાયતમાં અરજી કરી હતી. આ અરજી પર અભિપ્રાય આપવાના બદલામાં આરોપી તલાટી કમ મંત્રી રત્નસિંહ ચૌધરીએ ફરિયાદી પાસેથી રૂ.4 હજારની લાંચ માંગી હતી. જે અંગે 7મી માર્ચ, 2023માં સુરત ગ્રામ્ય એ.સી.બી. પોલીસે છટકું ગોઠવી આરોપી રત્નસિંહ ઉર્ફે રામુભાઈ નાડીયાભાઈ ચૌધરી લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો. તપાસ પૂર્ણ થયા બાદ, કેસ કોર્ટમાં મોકલવામાં આવ્યો હતો. આ કેસમાં સ્પેશિયલ એ.સી.બી. કોર્ટે આરોપી રત્નસિંહ ચૌધરીને દોષિત ઠેરવી ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 1988ની કલમ-7 હેઠળના ગુનામાં એક વર્ષની કેદ અને રૂ.10 હજારનો દંડ ફટકાર્યો છે. દંડની રકમ ભરવામાં નિષ્ફળ રહે તો વધુ એક માસની જેલની સજાનો હુકમ કરાયો છે. તે જ રીતે, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 1988ની કલમ -13(1)(ઘ) તથા 13(2) હેઠળના ગુનામાં બે વર્ષની કેદ અને રૂ.10 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે અને દંડની રકમ ભરવામાં નિષ્ફળ રહે તો વધુ એક માસની જેલની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

### કડોદરામાં દારૂનો જથ્થો ઝડપાયો, ટેમ્પો સહિત રૂ.11.66 લાખનો મુદ્દામાલ જપ્ત

પલસાણાઃ વરેલીમાં દારૂનો મોટો જથ્થો ઝડપાયો હતો. પોલીસે એક ટેમ્પો અને લાખો રૂપિયાનો દારૂ જપ્ત કર્યો છે. જ્યારે ટેમ્પોચાલક અને ક્લીનર ફરાર થઈ ગયા હતા. આ ઘટનામાં આઈશર ટેમ્પો નં.(MH 05 FJ 8134)માં તપાસ કરતાં 34 ખાખી પુઠાની પેટીઓ મળી આવી હતી. આ પેટીઓમાં કંપનીની સીલબંધ ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની-મોટી બોટલો હતી. ગણતરી કરતાં કુલ 672 બોટલ મળી આવી હતી. જેની કિંમત રૂ.1,66,800 આંકવામાં આવી છે. આ સાથે, પોલીસે દારૂના પરિવહન માટે ઉપયોગમાં લેવાયેલો ગોલ્ડન બ્રાઉન કલરનો આઈશર ટેમ્પો પણ જપ્ત કર્યો હતો. આ ટેમ્પોની કિંમત રૂ.10,00,000 હોવાનું અંદાજવામાં આવી રહ્યું છે. રેઈડ દરમિયાન આરોપીઓ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે કુલ રૂ,.11,66,800નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવીમાં હોળી-ધૂળેટી અને રમઝાન માસ અંતર્ગત શાંતિ સમિતિની બેઠક યોજાઇ




માંડવીઃ માંડવી પોલીસ સ્ટેશન ખાતે હોળી-ધુળેટી તથા ચાલી રહેલા રમઝાન માસ તહેવાર અંતર્ગત ડીવાયએસપી બી.કે. વનારના અધ્યક્ષ સ્થાન અને પીઆઇ જે.જી.મોડની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં ડીવાયએસપી બી.કે.વનારે જિલ્લામાં હોળી અને ધૂળેટીના તહેવારોને લઇ ભારે ઉત્સાહનું વાતાવરણ હોય છે. ત્યારે શાંતિપૂર્ણ માહોલમાં તહેવારોની ઉજવણી કરવા અનુરોધ કર્યો હતો. તેમજ કોઇ અનિચ્છિનીય બનાવ ન બને એ માટે તકેદારી રાખવા જણાવ્યું હતું. આ શાંતિ સમિતિ બેઠકમાં નગર ભાજપ પ્રમુખ પ્રિતેશભાઈ રાવળ, નીતિનભાઈ શુક્લ, રંજનાબેન મરાઠે, ઈશ્વરભાઈ સોલંકી, વિજય પટેલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

### તહેવારોને લઈ કોસંબા પોલીસે ફૂટ પેટ્રોલિંગ અને શાંતિ સમિતિની મીટિંગ યોજી



હથોડાઃ હાલમાં મુસ્લિમોનો પવિત્ર રમજાન માસ તેમજ હિન્દુ ભાઈઓનો હોળી ધુળેટીના ચાલી રહેલા તહેવારને શાંતિથી હેમખેમ પાર પાડવા કોસંબાના એએસપી ડોક્ટર ટી. સંદીપની અધ્યક્ષ સ્થાને એક શાંતિ સમિતિની મીટિગનું આયોજન કરાયું હતું. લોકોને પોલીસની હાજરીનો અહેસાસ કરાવવા માટે તેમજ કાયદો હાથમાં લઈને ગરીબ વ્યાપારી વર્ગ તેમજ ધંધાર્થીઓને ધમકાવનારાઓને પોલીસની હાજરી દેખાડવા માટે કોસંબા પોલીસમથક હદ વિસ્તારમાં આજે પોલીસ કાફલા સાથે ફૂટ પેટ્રોલિંગ યોજીને એએસપી ડોક્ટર ટી. સંદીપે કેટલાક દુકાનદારોને રૂબરૂ મળ્યા હતા. તહેવાર દરમિયાન કોઈ ટપોરી કક્ષાનાં ઈસમો જો હેરાનગતિ કરે તો કોસંબા પોલીસને તાત્કાલિક જાણ કરવા પણ જણાવ્યું હતું.

### કણાવ પ્રાથમિક શાળાની કાવ્યા પટેલે રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું





પલસાણાઃ કણાવ પ્રાથમિક શાળાની ધો.4ની વિદ્યાર્થીની કાવ્યા રજનીકાંતભાઈ પટેલ(ગોદાવાડી)એ રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ અને સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી પ્રેરિત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર દ્વારા સંચાલિત રાજ્ય કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધા 2025માં લગ્ન ગીત સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી શાળા અને પંથકનું ગૌરવ વધાર્યું છે. યાના ભાવેશભાઈ પટેલ (કણાવ પ્રા.શાળા), અર્પિતાકુમારી સુરેશભાઈ રાઠોડ (મલેકપોર પ્રા.શાળા) અને શગુન લલિત પાંડે (પલસાણા પ્રા.શાળા) જેવા સહાયકોનો સાથ મળ્યો હતો. ઢોલક સહાયક તરીકે વિપુલભાઈ બુઢિયાભાઈ હળપતિ (વંઝોળિયા, તા. પલસાણા)એ સેવા આપી હતી. કાવ્યાના પિતા રજનીકાંતભાઈ પલસાણા તાલુકામાં સી.આર.સી. છે અને માતા ઝરણામતીબેન કણાવ પ્રાથમિક શાળામાં ભાષા શિક્ષિકા છે.

# તરસાડીમાં સામાન્ય બાબતે ચાર જણાએ પિતા-પુત્રોને માર મારી આતંક મચાવ્યો

**પ્લે ગ્રુપ** એન્યુઅલ ફંક્શન જોઈ રહેલા અંકિતને ટપલી દાવ કરતાં મામલો બિચક્યો

હથોડાઃ તરસાડી ખાતે ફંક્શન જોઈ રહેલા અંકિત નામના યુવાનને બે જણાએ માથામાં ટપલી મારી હેરાનગતિ કરતાં તેમને રોકવા જતાં ઉશ્કેરાઈ જઈ માર મારી તેના ભાઈ સુમિતને અને પિતાને પણ ફટકાર્યાની ફરિયાદ કોસંબા પોલીસ ચોપડે નોંધાઈ છે.

ઘટનાની વિગત એવી છે કે, તરસાડીમાં 18 વર્ષીય અંકિત મંગુ ચોરસીયા ઘરેથી 20 રૂપિયા લઈ પાણીપુરી ખાવા બજારમાં નીકળ્યો હતો. જે તરસાડીના અયોધ્યા ગેટની સામે રોડની બાજુમાં ચાલી રહેલા પ્લે ગ્રુપ એન્યુઅલ ફંક્શન જોવા માટે ઊભો હતો. ત્યારે ત્યાં હાજર મનોજ યાદવ અને દીપુ યાદવ થોડી થોડી વારે અંકિતને માથામાં ટપલી મારતા હતા. જેથી અંકિતે તેમને રોકવા ગાળ બોલતાં બંને જણા અંકિતને સાઈડમાં લઈ જઈ ઢીકામુક્કીને માર મારી ગાળો બોલતા હતા. ત્યારે અંકિતનો ભાઈ સુમિત પણ ત્યાં આવી ચડતાં અને વચ્ચે પડતાં ત્યાં ધસી આવેલા પવન નામના યુવાને સુમિતના માથામાં લાકડાનો સપાટો મારી દીધો હતો. બાદ અંકિતના પિતા મંગુ ચોરસીયાને પણ ઢીકામુક્કી અને બરડામાં લાકડાના સપાટાનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી આતંક મચાવ્યો હતો. આ બનાવ અંગે ઈજા પામેલા સુમિત અને અંકિત નામના બે સગા ભાઈને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. આ બનાવ અંગે મંગુભાઈ ચોરસીયાએ કોસંબા પોલીસમાં મનોજ યાદવ, દીપુ યાદવ, હાર્દિક અને પવન નામના ચાર યુવાન સામે પોલીસ ફરિયાદ નોંધાવતાં કોસંબા પોલીસે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.




# ભરૂચના ભઠિયારવાડ વિસ્તારમાં બે માળના મકાનમાં આગ લાગી

ભરૂચઃ ભરૂચના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ભઠિયારવાડમાં બે માળના એક મકાનમાં આગ લાગવાની ઘટના બની છે. પવિત્ર રમઝાન માસ દરમિયાન બનેલી આ ઘટનાએ વિસ્તારમાં ભારે અફરાતફરી મચાવી દીધી હતી. મકાનમાં અચાનક લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગની જ્વાળાઓ દૂર સુધી દેખાતી હતી. સ્થાનિકોએ તરત જ ભરૂચ નગરપાલિકાના ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમે ત્વરિત કાર્યવાહી કરીને આગ પર કાબૂ મેળવ્યો હતો. દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

# ઓલપાડ તાલુકામાં સરકારી જમીન અને ગોચર પરથી ગેરકાયદે બાંધકામ દૂર કરો

**ઓલપાડ** પ્રાંત અધિકારીને કોંગ્રેસનું આવેદન



સાયણઃ ઓલપાડ તાલુકામાં સરકારી જમીન ઉપર ગેરકાયદે બનાવવામાં આવેલા ઝીંગાનાં તળાવ દૂર કરાવવા, સરકારી ગોચર જમીન ઉપરથી ગેરકાયદે દબાણ દૂર કરવા તેમજ વહીવટી તંત્રની મંજૂરી વિના પાણી નિકાલની વ્યવસ્થામાં અવરોધ કરવા, ઓલપાડ તાલુકામાંથી પસાર થનાર હાઈટેન્શન લાઇન સહિતના ખેડૂતોના વિવિધ પ્રશ્નો બાબતે તત્કાળ કાર્યવાહી કરવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શનભાઈ નાયકની આગેવાનીમાં કોંગ્રેસ દ્વારા નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી-ઓલપાડને રજૂઆત અને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. અંતે દર્શન નાયકે જણાવ્યું કે, અમારી રજૂઆતને ધ્યાને લઈ તત્કાળ સમગ્ર ઓલપાડ તાલુકામાં તપાસ કરી જવાબદાર સામે કાર્યવાહી કરશો અને જો દિન-૧૦માં કાર્યવાહી કરવામાં ન આવશે તો શાંતિપૂર્ણ રીતે ધરણા તથા મામલતદાર કચેરીના ઘેરાવ કરવા સહિત આંદોલન કરવાની ચીમકી આપી હતી.

આ પ્રસંગે જયેન્દ્રભાઈ દેસાઈ, અતુલભાઈ પટેલ, ગોવિંદભાઈ પટેલ, ધર્મેશભાઈ પટેલ, ડો.યોગેશ પટેલ, ભરતભાઈ પટેલ, હેમલ પટેલ, જય રાઠોડ સહિતના કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.